


# અમારા વિશે.

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

2003માં સ્થપાયેલ, પ્રભાત અમદાવાદમાં 3000થી વધુ વંચિત વર્ગની તથા શીખવાની મુશ્કેલીઓ ધરાવતા બાળકોને સુલભ શિક્ષણ અને પુનર્વસન સેવાઓ પ્રદાન કરીને સશક્ત બનાવે છે. સ્થાનિક સમુદાયો સાથે કામ કરીને, પ્રભાત વિકલાંગ વ્યક્તિઓ અને તેમના પરિવારો માટે સમાવિષ્ટ શિક્ષણ અને સમર્થનને પ્રોત્સાહન આપે છે.

---

**April 2024 | Issue No. 53 | A monthly newsletter**

---

સ્નેહી વાચક મિત્રો,
પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાય તરફની દિશાની ગતિવિધિઓની ઝલક તથા બાળકો અને સમુદાય સાથેના સમૃદ્ધ અનુભવ અહી અંકિત કરેલ છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

# આશાવાદી પિતા સાથે એક ભેટો

એક એવા પિતાની વાત અહી કરવી છે જેણે સ્થિતિને સ્વીકારી તો ખરી જ પણ તેનાથી હાર્યા નહિ પરંતુ તેને વધારે સારી બનાવવા માટે સપના જોયા. સ્થિતિ કોઇપણ હોય, ક્યારેય સપના જોવાનું બંદ ન કરવું જોઈએ તે આપણને સંકેતભાઈ શીખવી જાય છે.

આ સંકેતભાઈ એટલે પ્રભાતના દાણીલીમડા સેન્ટર પર આવતા સમર્થના પિતા. જે હાલ એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. સમર્થ એમનું પહેલું જ સંતાન - જાણે એમનો હુબહુ પડછાયો. બંને સાથે હોય એટલે એમના બંનેના ચહેરો જ આપણને પિતા - પુત્રના સંબંધની ખરાઈ આપે.



સમર્થના જન્મ સમયે કોમ્પલીકેશન હોતા તેની સ્થિતિ અન્ય બાળક જેવી ન રહી. સમય જતા ખબર પડી કે, તે બૌધિક અક્ષમતાની સાથે ઓટીઝમ ધરાવે છે. પરંતુ આ માટે ખાસ્સો એવો સમય જતો રહ્યો. માહિતીનો અભાવ અને સમાજની એક ગર્ભિત બીકને કારણે મારું બાળક અન્ય કરતા અલગ છે તેને પરિવાર માટે સ્વીકારવું મુશ્કેલ હતું. તેથી જ સ્થિતિનો તાગ આવતા પિતા તરીકે તેમણે એક પછી બે અને ત્રીજા ડોકટર પાસે બાળકને લઇ ગયા. અને એમ વિચારતા કે જેટલું બને જલ્દી મારું બાળક અન્ય બાળકની જેમ વર્તન કરતુ થઇ જાય.

પરંતુ એમનો એ વિચાર યોગ્ય ન હતો. રીપોર્ટ માં કોઈ જ બાબત સ્પષ્ટ થઇ શકી નહી. યોગ્ય ડોક્ટર પાસે જવાની એક જાગ્રુતતા પણ ન હતી અને તેથી જ કદાચ સમર્થના નિદાનમાં સમય પણ લાગ્યો. વળી દવાની એવી તો આડઅસર થઇ કે, જે બાળક હાઇપર હતું તે બિલકુલ સુસ્ત બની ગયું અને તે શારીરિક રીતે પણ બીમાર હોય તેવું લાગ્યું. આમ, એવી સ્થિતિ સર્જાતી ગઈ કે શું બની રહ્યું છે અને બાળકને શું થયું છે તેની સમજ પરિવારને ખબર નતી પડતી.

હાલ સંકેતભાઈ પોતાના બાળકની વાત નિશ્ચિતતાથી કહી શકે પણ ત્યારે તેમની સ્થિતિ પણ એવી હતી કે બાળકની સ્થિતિને તેઓ સ્વીકારી શકતા ન હતા. તેઓ કહે છે કે, કોઈ પણ માતા પિતાને બાળકની સ્થિતિ માટે સમયસર નિદાન માટે પગલાં લેવા જોઈએ. અને સમાજની બીક ન રાખવી જોઈએ. જેટલું જલ્દી નિદાન એટલી જલ્દી સારવારથી ચોક્કસ બાળકની સ્થિતિમાં હકારાત્મક બદલાવ લાવી શકાય છે. સમય જતા સંકેતભાઈ પોતે આ સમજ્યા છે અને હવે તે પોતાના બાળક માટે શિક્ષણ અને ભવિષ્ય માટે શું આયોજન કરવું જોઈએ તેની વાતો કરે છે. સમર્થને લઈને તેઓ હવે સપના જોતા થયા છે અને તેને પુરા કરવા માટે પણ પોતાના બનતા પ્રયાસો કરી રહ્યા હોય એવું લાગે છે.

સમર્થના શિક્ષણની સફર પણ કઈ સામાન્ય ન હતી. તેને શાળામાંથી અનુકુળ વાતવરણ ન મળ્યું તો આખરે એને શાળા છોડવાની ફરજ પડી. તેથી જ તેઓ એક એવી શાળાની / જગ્યાની શોધમાં હતા કે જ્યાં બાળકને ખીલવવા માટે એક અનુકુળ વાતાવરણ મળે. આખરે, એક દિવસ પ્રભાત સંસ્થા વિષે તેમના દાદાજીને જાણ થઇ. અને ત્યારે તેમને લાગ્યું કે આ જગ્યાએ એક વખત પ્રયાસ કરીએ - સમર્થ માટે તે કદાચ યોગ્ય શાળા બની રહે ? આ આશા સાથે દાદાએ મુલાકાત લીધી અને આમ, પ્રભાત સાથે સમર્થની સફરની શરૂઆત થઇ.

સૌ પ્રથમ સાઈકોલોજીકલ એસેસમેન્ટના આધારે વિકાસના ગોલ નક્કી કરવામાં આવ્યા.સોશ્યલ થવામાં તેને મુશ્કેલી આવતી જોઈ તેને કઈ રીતે અન્ય સાથે મિક્સ કરાવવું તેના પર અને સાથે પ્રૌરાથમિક સ્ક્શિતરે અક્ષરની ઓળખ,સંખ્યા વાંચન પર ભાર મુકવામાં આવ્કયું. હવે તેને તેની ઓળખ થઇ છે તો ડ્રોઈંગમાં રસ હોવાથી તેમાં પણ તેની ફાવટ આવતી થઇ છે. સંકેતભાઈ કહે છે, પહેલા કરતા વધારે સમર્થ સોશ્યલ થયો છે. પાડોશી સાથે વાતચીત કરે છે. તો વડીલો ને માન આપીને બોલાવતો થયો છે. તેના વર્તનમાં આવેલ આ હકારાત્મક પરિવર્તનથી પરિવાર તો ચોક્કસ, પણ આજુબાજુના લોકો પણ ધ્યાન આપતા થયા છે. હવે સમર્થ માટે તેના પિતાનું સપનું છે કે સ્પોર્ટ્સમાં તેને આગળ લઇ જવું. પિતાના આ સપનાને પૂરું કરવા માટે પિતાને શુભેચ્છા અને પ્રભાત પણ ચોક્કસ તેના આ સફરનો એક મહત્વપૂર્ણ ભાગ બની રહેશે. આવા આશાવાદી પિતાને અભિનંદન.

## કાર્યક્રમની ઝલક

### નવા વર્ષમાં પ્રવેશ : ઉજવણી અને નવી આશાનો અવસર

વર્ષાન્તે પ્રભાતમાં બાળકના વિકાસની ગોલની સફરમાં કેટલું આગળ વધી શક્યા છીએ તેની ઉજવણી અને આવનાર વર્ષ માટે  નવી આશા સાથે વાલી સાથે પ્રોગ્રેસ રીપોર્ટને પ્રસ્તુત કરવાની પ્રક્રિયાની બેઠક થતી હોય છે. જે આ વર્ષે પણ કરવામાં આવી હતી. અહી, બાળકની પ્રગતિના મૂલ્યાંકન માટે કોઈ નિશ્ચિત સીમા નથી.
વ્યક્તિગત દરેક બાળક એક ખાસ સ્થિતિ ધરાવે છે. તેની સાથે અનેક એવા અનિચ્છનીય પરિબળો પણ ભાગ ભજવે છે જે બાળકના વિકાસને પ્રતિકુળ બનાવે છે. તેથી આ અવરોધોની વચ્ચે સફરમાં કેટલા ડગલાં આગળ ચાલી શક્યા છીએ તેને બાળક, વાલી સાથે પ્રભાતની ટીમ ઉજવણી કરે છે.







## નેટવર્કિંગ એન્ડ એડવોકસી

### અનંત નેશનલ યુનિવર્સીટી સાથે ભાગીદારી સફરની શરૂઆત

દરેક હેડ ઓફ ડીપાર્ટમેન્ટ સાથે સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રભાત સંસ્થા અને અનંત નેશનલ યુનિવર્સીટી સાથેની આ ભાગીદારીને લઈને કયા પ્રકારની સંભાવનાઓ છે તેની વાત પ્રભાતના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવી હતી. આ સાથે ડીપાર્ટમેન્ટ પ્રમાણે તેમના મુખ્ય સંયોજક સાથે પણ સંવાદ કરવામાં આવ્યું. આ પ્રાથમિક સ્તરની બેઠક બાદ, ડીપાર્ટમેન્ટ પ્રમાણે હસ્તક્ષેપને લઈને રણનીતિ નક્કી કરવામાં આવશે.




### અનંત સંવાદ



સેન્ટર ફોર પબ્લિક પોલીસી ડીપાર્ટમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે નવા વિષયો અને સાંપ્રત મુદ્દા આધારિત વિષયનિષ્ણાંત સાથે દર મહીને અનંત સંવાદનું આયોજન કરવામાં આવે છે. જે અન્વયે આ મહિનામાં પ્રભાતને સમુદાય આધારિત પુન:વસન (CBR) વિષયે સંવાદ કરવા માટે પસંદગી કરવામાં આવી હતી. CBR વિષે સમજ આપતા પ્રભાત કઈ રીતે સમુદાય આધારિત પુન:વસનનું કાર્ય કરે છે તેની છણાવટ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ ઇન્ક્લુસીવીટીને સમજે અને કઈ રીતે તેઓ ભવિષ્યમાં આ અભિગમ સાથે કાર્ય કરી પોતાના કાર્યને વધારે મજબુત બનાવે તેના પર સંવાદ કરવામાં આવ્યું હતું, જે અસરકારક રહ્યું

## આંગણવાડી મુલાકાતની અસરકારક પ્રક્રિયા



અર્લી ઇન્ટરવેન્શન એ પ્રભાત માટે ખુબ જ અગત્યનો કાર્યક્રમ છે. જે અન્વયે આંગણવાડી એ અસરકારક હિતધારક સાબિતથાય એવું હોતા તેમની સાથે વિવિધ કાર્યક્રમો થઇ રહ્યા છે. જે અન્વયે વટવા વિસ્તારની આંગણવાડી સાથે એક તબક્કાની ઓળખ અને સંબંધ સ્થાપન થાય તે હેતુથી ૨૫ આંગણવાડીમાં પ્રભાત ટીમ દ્વારા પરિચય મુલાકાત કરવામાં આવી.
જેમાં દરેક બાળક સાથે મોજાં વિતરણની પ્રવૃત્તિ પણ કરવામાં આવી. ચોક્કસ, અમુક આંગણવાડી પ્રભાતની કામગીરીથી અવગત હતી તો તેમની સાથે ઘનિષ્ઠતા વધી જયારે  અમુક કાર્યકર નવા બહેનો હતા એની સાથે પરિચય થયો અને પ્રભાતથી તેઓ અવગત થયા.

---

# મારી વાત

## સમર કેમ્પ :

સમર કેમ્પ આમ કહીએ તો, તે પ્રભાતની ધરોહર છે જ્યાંથી પ્રભાતની સફરની શરૂઆતનું બીજ રોપાયું હતું. તેથી હંમેશા આ માત્ર પ્રવૃત્તિ નહિ, પણ શીખવા અને શીખવવાનું એક માધ્યમ બની ગયું છે. દરેક બાળકને આનંદ કરવાનો, ખુશ રહેવાનો અને ધમાલ મસ્તી કરવાનો અધિકાર છે અને તેથી સમર કેમ્પમાં પ્રભાતના બાળકો સાથે અન્ય બાળકો એક મિત્ર બનીને આ બધું જ કરે છે.



સમર કેમ્પની તૈયારીઓ પ્રભાત ટીમ દ્વારા પહેલથી જ કરવામાં આવે છે કારણકે, દરેક બાળકના સમૂહ મુજબ સર્જનાત્મક પ્રવૃત્તિ નું આયોજન કરવામાં આવે છે.



આંગણવાડી,શાળા, પ્રભાત સેન્ટર અને સમુદાય એમ દરેક સ્તરે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અહી ડાન્સ, સંગીત, આર્ટ–ક્રાફ્ટ વિવિધ વસ્તુઓ બનાવવી, ચિત્ર વગેરે પ્રવૃતિઓ કરવામાં આવી હતી. આંગણવાડીના કાર્યકર દ્વારા આ પ્રવૃતિને વધાવવામાં આવી હતી. તેમણે કહ્યું કે, અમને પણ બાળક સાથે સર્જનાત્મક કાર્ય કરવાની શીખ મળી. પ્રભાત ટીમે પણ બાળકો સાથે રહી અનેક નવી રમતો શીખી તો નવા વિચારો પ્રાપ્ત કર્યા. હોમ બેઝ કાર્યક્રમ અન્વયે ફરી સમુદાય સાથે સમર કેમ્પનું આયોજન કરતા દરેક બાળક હોમ બેઝ અન્વયે આવતા બાળક સાથે વધારે નજીક આવ્યું. આમ, શીખવાની, સર્જન કરવાની અને મુલ્યવર્ધક પેઢી માટે એક ડગલું આગળ વધવાની આ એક ઉલ્લાસ ભરી પ્રક્રિયા બની રહી. આ અન્વે કુલ ૫૦૦ થી ઉપર બાળકો સુધી આ પ્રક્રિયા કરવામાં આવી હતી



## ‘ ઘરોબો ’ - સમુદાય એક અભિન્ન અંગ

### ઈદ નિમિતે શુભેચ્છા મુલાકાત

પ્રભાત સમુદાય આધારિત કાર્ય કરતી સંસ્થા છે. તેથી જ સમુદાય સાથેનો ઘરોબો જળવાઈ રહે અને આત્મીયતા ટકી રહે તે માટે તેમના સારા–નરસા પ્રસંગે પ્રભાત હંમેશા પડખે ઉભું હોય છે. એમાં જયારે તહેવારની ઉજવણીનો પ્રસંગ હોય તો ખાસ એમની ખુશી બેવડાય તે માટે આ અવસર કેમ ચુકાય? ઈદ નિમિત્તે પેરન્ટસ, ટીમના સભ્યોના ઘરે મુલાકાત કરવામાં આવી. સમુદાય તરફથી મીઠો આવકાર મળ્યો હતો તો બાળક ઉપરાંત પરિવારના અન્ય સભ્યોને મળતા ટીમને પણ ઉમળકો હતો. આ પ્રકારની પ્રક્રિયાઓ



પ્રભાત અને સમુદાયને વધારે નજીક લાવે છે અને આપણે એકબીજા સાથે છીએ એનો અહેસાસ જીવંત રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે.



આ ઘરોબો કેટલું જીવંત છે તેનું ઉદાહરણ આપીએ તો, દર વર્ષની જેમ આ વર્ષે વાલી દ્વારા વટવા અને દાણીલીમડા સેન્ટર પર ઈદ નિમિતે ખાસ દૂધ સેવૈયા ની મેજબાની પ્રભાત ટીમ માટે કરાવવામાં આવી. આ જ પ્રભાત માટે તેની ખરી મૂડી છે.

## સહાયક સેવાઓ

### હિયરીંગ એસેસમેન્ટ :



પ્રભાત હંમેશા બદલાવ અને વધારે ઉત્તમ કરવાની દિશામાં પ્રયાસ કરતી સંસ્થા રહી છે. તેથી જ સેન્ટર પર બાળકોને મળતી સેવાઓમાં અપગ્રેડ થતું રહે તેવો પ્રયાસ કરવામાં આવે છે. જે અન્વયે, હિયરીંગ ઈમ્પેરમેન્ટ (HI ) માટે શ્રી ડો. રવીન્દ્ર પંડયા સાથે સંકલન કરવામાં આવ્યું છે. તેમના દ્વારા નિયમિત રીતે દરેક સેન્ટર, ડેહલુના બાળકોનું એસેસમેન્ટ કરવામાં આવશે. જેના પ્રથમ તબક્કાના ભાગરૂપે વટવા સેન્ટર પર તેમની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અહી તેમણે વાલી સાથે બાળકની હિસ્ટ્રી અને હાલની સ્થિતિ સંબંધિત ચર્ચા કરી હતી. આ પ્રક્રિયાથી HI બાળકોની વિકાસની ગતિ અને

### મેડીકલ કેમ્પ



પ્રભાતની કાર્ય કરવાની પદ્ધતિમાં નેટવર્કિંગ એક આગવું સ્થાન છે. જે અન્વયે આ મહીને બેરલમાર્કેટમાં ચિરાગ સ્કુલ દ્વારા હેલ્થ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેન્ટર પર આવતા બાળકના ખાસ કરીને વાલીઓની જનરલ ફીઝીશીયન દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી અને દવા પણ આપવમાં આવી હતી. કેમ્પમાં બાળકોનું આઈ ચેક અપ પણ કરવામાં આવ્યું હતું.

સ્થિતિનું મૂલ્યાંકન બાળકની વિકાસની ગતિમાં ચોક્કસ અસરકારકતા લાવી શકશે.

**સરકારી સહાયક સેવા**

- મેડિકલ સર્ટિફિકેટ -02
- રેલવે પાસ (ઑફ્લાઈન + ઓનલાઇન) -02
- સ્ટેટ ટ્રાન્સપોર્ટ પાસ (ઓનલાઇન) 03
- પેન્શન યોજના - 03

## રિસોર્સ કોર્નર - માહિતી અને સંસાધન હવે આપણે દ્વાર

